દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ
મંગળવાર ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫

ગ્લોબલ વૉર્મિંગની ભારતીય કૃષિ ક્ષેત્ર પર અસરના અહેવાલો ચોંકાવનારા છે

હાલમાં ૨૦૨૪ના વર્ષના તાપમાન અંગેના તથા બીજા કેટલાક અહેવાલ બહાર આવ્યા છે તે એક ભયંકર ચિત્ર રજૂ કરે છે. વૈશ્વિક સરેરાશ તાપમાનમાં ઔદ્યોગિકરણ પહેલાના સમયના સરેરાશ તાપમાન કરતા ૧.૫ ડીગ્રી સેલ્સિયસનો વધારો પ્રથમ વખત ૨૦૨૪માં નોંધાયો છે. આ ૧.૫ ડીગ્રીની તાપમાન વૃદ્ધિની ટોચ મર્યાદા પેરિસ હવામાન સંધિ દરમ્યાન નક્કી કરવામાં આવી હતી અને તમામ દેશોને આ મર્યાદાથી તાપમાન ઉંચે નહીં જવા દેવાની તાકીદ કરવામાં આવી હતી પરંતુ આ મર્યાદા પ્રથમ વખત તૂટી ગઇ છે. યુરોપની કોપરનિક્સ ક્લાઇમેટ ચેન્જ સર્વિસના જણાવ્યા પ્રમાણે વર્ષ ૧૮૫૦માં વૈશ્વિક તાપમાનની નોંધ રાખવાનું શરૂ કરવામાં આવ્યું ત્યારથી લઇને અત્યાર સુધીમાં ૨૦૨૪નું વર્ષ સૌથી ગરમ વર્ષ રહ્યું છે. હાલ દસ દિવસ પહેલા પુરા થયેલા આ વર્ષ દરમ્યાન, જાન્યુઆરીથી જૂન સુધીના તમામ મહિના અત્યાર સુધીમાં નોંધાયેલા તે મહિનાઓ કરતા ગરમ રહ્યા હતા જ્યારે જુલાઇથી ડિસેમ્બર સુધીના મહિનાઓમાં એક ઓગસ્ટને બાદ કરતા બાકીના તમામ મહિનાઓ બીજા ક્રમના સૌથી ગરમ મહિનાઓ હતા, જેઓ ૨૦૨૩ના તેમના સમકક્ષ મહિનાઓથી પાછળ હતા.

ભારતનું ભાત અને ઘઉંનું ઉત્પાદન હવામાન પરિવર્તનને કારણે ૬થી ૧૦ ટકા ઘટવાનો અંદાજ છે, જે લાખો લોકો માટે પોસાય તેવા ભાવે અનાજ મેળવવા પર અસર કરી શકે છે એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે. ૨૦૨૩-૨૪ પાક વર્ષમાં ભારતમાં ઘઉંનું ઉત્પાદન ૧૧૩.૨૯ મિલિયન ટનને સ્પર્શ્યું હતું, જે વૈશ્વિક ઉત્પાદનના લગભગ ૧૪ ટકા હતું, જ્યારે ચોખાનો પાક ૧૩૭ મિલિયન ટનથી વધુ હતો. દેશની ૧.૪ અબજ વસ્તી માટે ચોખા અને ઘઉં મુખ્ય ખોરાક છે, જેમાંથી ૮૦ ટકા લોકો વિવિધ સરકારી યોજનાઓ દ્વારા પૂરા પાડવામાં આવતા સબસિડીવાળા ખાદ્ય અનાજ પર આધાર રાખે છે. ભારતીય હવામાન વિભાગ ના ડિરેક્ટર જનરલ મૃત્યુંજય મહાપાત્રાએ જણાવ્યું હતું કે, હવામાન પરિવર્તન ઘઉં અને ચોખા બંનેના ઉત્પાદનમાં ૬ થી ૧૦ ટકાનો ઘટાડો કરશે, જેનાથી ખેડૂતો અને દેશના ખાદ્ય સુરક્ષા પર નોંધપાત્ર અસર પડશે. હવામાન પરિવર્તનની વધુ એક અસર એ છે કે દરિયાનું પાણી કાંઠાની નજીક વધુ ગરમ થઇ રહ્યું છે જે માછલીઓને ઉંડા સમુદ્રના ઠંડા પાણી તરફ જવાની ફરજ પાડે છે, જેની અસર માછીમાર સમુદાય પર પણ થઇ રહી છે એ મુજબ અધિકારીએ જણાવ્યું હતું. હવામાન વિભાગના વડાએ એમ પણ જણાવ્યું હતું કે ગ્લોબલ વોર્મિંગ વેસ્ટર્ન ડિસટર્બન્સની ઘટનાઓની સંખ્યાને પણ અસર કરી રહ્યું છે, જે હવામાન સિસ્ટમો ભૂમધ્ય પ્રદેશમાંથી ઉદ્ભવે છે જે ઉત્તર પશ્ચિમી ભારતમાં વરસાદ અને બરફ લાવે છે. આ બાબત હિમાલયન વિસ્તારો અને મેદાની વિસ્તારોમાં વસતા અબજો લોકો માટે નજીકના ભવિષ્યમાં પાણીની તીવ્ર તંગી સર્જી શકે છે એ મુજબ એમ. રવિચંદ્રને કહ્યું હતું જેઓ ભૂવિજ્ઞાન મંત્રાલયના સચિવ છે. નેશનલ ઇનોવેશન્સ ઇન ક્લાઇમેટ રેસિલિયન્ટ એગ્રીકલ્ચર (NICRA) અનુસાર, ભારતમાં ઘઉંના ઉત્પાદનમાં 2100 સુધીમાં ૬થી ૨૫ ટકાનો ઘટાડો થવાનો અંદાજ છે. સિંચાઈવાળા વિસ્તારોના ચોખાના ઉત્પાદનમાં ૨૦૫૦ સુધીમાં ૭ ટકા અને ૨૦૮૦ સુધીમાં ૧૦ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. ભારતમાં લગભગ અડધા લોકો ખેતી પર નિર્ભર છે. સરકારી આંકડા દર્શાવે છે કે ૮૦ ટકાથી વધુ ખેડૂતો નાના અને સીમાંત ખેડૂતો છે, જેમની પાસે બે હેક્ટરથી ઓછી જમીન છે. રવિચંદ્રને જણાવ્યું હતું કે દરિયાના વધતા તાપમાનને કારણે દરિયાકાંઠાની નજીક માછલી પકડવાનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. ભારતમાં હવામાન પરિવર્તનની અસર ખોરાકી ચીજવસ્તુઓના ઉત્પાદન પર કેવી થઇ શકે તેના આ આંકડા બિહામણા છે.

વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે ૨૦૨૪માં સરેરાશ તાપમાન ૧૮૫૦-૧૯૦૦ના ગાળાની બેઝલાઇન કરતા ૧.૬૦ ડીગ્રી સેલ્સિયસ વધુ હતું. માણસજાતે ખનિજ તેલ, ખનિજ કોલસા જેવા ઈંધણો વધુ પ્રમાણમાં બાળવાનું શરૂ કર્યું તેના પહેલાના પૃથ્વીના સરેરાશ તાપમાન કરતા આ તાપમાન ઘણુ વધી ગયું છે. આ હવામાન પરિવર્તન કેવી ભયંકર અસરો કરી શકે છે તે આપણે જોયું જ છે. ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશોમાં પાકના ઉત્પાદન પર અને પાણીના જથ્થા પર તેની મોટી અસર થાય તો કેવી ભયંકર અસર સર્જાઇ શકે તેની કલ્પના કરતા પણ કમકમા આવી જાય તેમ છે. આ હવામાન પરિવર્તનની જુદી જુદી અસર જુદા જુદા પ્રદેશો પર થાય છે. કેટલાક પ્રદેશોમાં હવામાન પરિવર્તનને કારણે તાપમાન, વરસાદનું પ્રમાણ વગેરે બાબતોમાં એવા ફેરફારો તરતના તબક્કે થાય કે જે ત્યાંની ખેતીને લાભદાયક પણ પુરવાર થઇ શકે છે. અમુક પ્રદેશોમાં રોપણી માટેના દિવસો લંબાઇ શકે અને તેનો લાભ પણ મળી શકે. પરંતુ લાંબા ગાળે અને કુલ એકંદર તો ગ્લોબલ વોર્મિંગની અસરો નુકસાનકારક જ હોઇ શકે છે આથી માણસજાતે ગ્લોબલ વોર્મિંગને રોકવા માટેના પ્રયાસો હાથ ધરવા જ જોઇએ.

જસ્ટ સ્ટાર્ટ

ફેશન ડીઝાઇન કોલેજની પરીક્ષાઓ પૂરી થઈ હતી. પરીક્ષા બાદ વેકેશનમાં બે સહેલીઓ નીના અને શીના બેસીને ભવિષ્યનાં સપનાંની વાતો નીનાના ઘરે કરી રહી હતી કે બસ હવે ભણવાનું પૂરું થયું. લીધું છે તો સાથે મળીને બુટીક ખોલીશું.દિન રાત કામ કરીને નામ અને પૈસા બંને કમાઈશું.

તેમની વાતો સાંભળી નીનાની મમ્મી બોલી, 'અરે બુટીક ખોલવું કંઈ સહેલું થોડું છે કેટલા બધા પૈસા જોઇશે, કેટલી તૈયારીઓ કરવી પડશે અને કંઈ કેટલું શીખવું પડશે...તેનું ભાન છે હજી તમે બુટીક ખોલવા રેડી નથી.'આ સાંભળી બંને છોકરીઓ ચૂપ થઈ ગઈ.

શીનાએ કહ્યું, 'બરાબર છે, સાચી વાત છે. આન્ટીની થોડા વખતમાં આપણને ડીગ્રી મળશે પણ કોઈ અનુભવ નથી આપણી પાસે.અનુભવ મેળવવા કામ કરવું પડશે. થોડો અનુભવ મેળવ્યા બાદ, થોડા પૈસા ભેગા કર્યા બાદ આપણે બુટીક ખોલવા માટે રેડી થઈ શકીશું.'

દાદા ક્યારના નીના અને શીનાનાં સપનાંની વાતો સાંભળીને રાજી થતાં હતા.તેમને મમ્મીએ બન્નેની હિમત પહેલે ઝાટકે જ તોડી નાખી તે ન ગમ્યું.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

તેઓ બોલ્યા, 'અહીં આવો છોકરીઓ...મારી એક વાત સાંભળો. કોઈ વસ્તુ કરવાની કે કોઈ કામ કરવાની પૂરી તૈયારી કરી રેડી થવાની રાહ જોશો તો ક્યારેય કોઈ કામ કરી જ નહિ શકો.'

નીનાએ કહ્યું, 'દાદા એટલે તમે શું કહેવા માંગો છો?'

દાદા બોલ્યા, 'મારી ઉત્સાહથી ઉભરાતી યંગ ગર્લ્સ મારા અનુભવની વાત તમારી અંગ્રેજીમાં કહું તો "યુ વિલ નેવર બી રેડી,જસ્ટ સ્ટાર્ટ"...મારો વર્ષોનો અનુભવ કહે છે કે આપણે જો એમ વિચારીએ કે કોઈ કામની શરૂઆત કરવા પહેલાં તેને માટે પૂરે પૂરા સજ્જ થઇ જઈએ. બધી તૈયારી કરી લઈએ. પૂરેપૂરા રેડી થઈએ પછી કામ શરૂ કરીએ તો તે કામ આપણે ક્યારેય શરૂ નહિ કરી શકીએ.એટલે હું તમને કહું છું રેડી થવાની રાહ ન જુઓ, બસ સ્ટાર્ટ કરી નાખો.

નીના બોલી, 'દાદા એટલે શું કરીએ?'મમ્મી બોલી, 'તમે આ છોકરીઓને શું સમજાવો છો?'

દાદાએ કહ્યું, 'હું કહું છું કે જે કામ કરવું છે તે બસ શરૂ કરો.ધીમે ધીમે આગળ વધો ...કામ તમને કામ શીખવશે અને આપોઆપ તમે રેડી થતાં જશો.કામ માટે રેડી થવાની રાહ જોતાં રહેશો તો ક્યારેય કોઈ કામ કરી નહિ શકો અને રોકવાવાળા અને ડરાવવાવાળા તો રોજ મળશે પણ સતત મહેનત કરવા તૈયાર હો તો ડરવાની જરૂર નથી.હું તો તમને કહું છું જો તમારે બુટીક ખોલવું છે તો રીઝલ્ટ સુધી પણ રાહ જોવાની જરૂર નથી. આજથી જ પહેલાં એક ડ્રેસનો ઓર્ડર મેળવી કામ શરૂ કરો.જસ્ટ સ્ટાર્ટ.'દાદાએ ઉત્સાહ આપ્યો અને દાદી માટે એક ડ્રેસનો ઓર્ડર પણ અને નીના અને શીનાએ કામ શરૂ કરી દીધું.

માટીની મહેક માત્ર સાહિત્યમાં, હકીકતે તો આપણે સિમેન્ટ કોન્ક્રિટના બ્લોકથી ઘેરાઈ રહ્યાં છીએ

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

જેવાં કર્મ કરો તેવું ફળ ભોગવો જન્મ જન્માંતરના ફેરાવાળી વાત સાચી હોય કે ના હોય પણ કુદરતના વિજ્ઞાનમાં કર્મનું ફળ છે. અત્યારે ભારતમાં અને ગુજરાતમાં ઠંડી પડી રહી છે. કમોસમી માવઠાં પણ થાય છે અને આ ફેબ્રુઆરી શરૂ થશે પછી તરત દિવસે તાપ લાગવા લાગશે. મે મહિનો આવતાં આવતાં વિક્રમજનક ગરમીના આંકડા આવવા માંડશે. ગયા વર્ષનો અનુભવ છે કે પહેલાં બપોરે એકથી ત્રણમાં ગરમી રહેતી. હવે સાંજે પાંચ વાગ્યે વધારે હોય છે. સુરજ માથે હોય ત્યારે તો ગરમી હોય જ છે પણ સૂર્યાસ્ત પછી પણ શહેર તપેલું હોય છે. રાત્રે પણ 40 ડીગ્રી તાપ સહન કરવો પડ્યો હતો ..કારણ ? કારણ શહેરના રાજમાર્ગો પર કાચની દીવાલવાળા બિલ્ડીંગો ,ડામરના રસ્તા .સિમેન્ટના બ્લોકની ફૂટપાથ..અને વૃક્ષોનું નિકંદન ..ગુજરાતમાં અમદાવાદમાં ગરમી વધારે પડે છે કારણ વૃક્ષો કાપી નાખવામાં અમદાવાદ નંબર વન છે. વાચકને થશે કે આ ઠંડીના દિવસોમાં ગરમીની વાત ક્યાં યાદ કરાવો છો? પણ જો આવનારા દિવસોમાં ગરમીથી બચવું હોય તો આયોજન અત્યારથી વિચારવું પડે અને સૌ પહેલાં તો સમસ્યાને મૂળમાંથી જાણવી પડે. આપણે સૂર્યની ગરમી ઓછી નથી કરી શકવાના પણ તે વધારે સહન ના કરવી પડે તે તો વિચારવું જ પડે ને.

છેલ્લાં વર્ષોમાં ગુજરાતમાં સિમેન્ટના બ્લોકનું સામ્રાજ્ય સર્જાયું છે. તમે કોઈ પણ સ્કુલ કોલેજના કેમ્પસમાં જજો. ધાર્મિક સ્થળોમાં જજો, આખા ચોકમાં તમને સિમેન્ટના બ્લોક નાખેલા જોવા મળશે. માતૃભૂમિની માટી એ હવે સાહિત્યના શોભાયમાન શબ્દો છે. સૌને બ્લોકનું ઘેલું લાગ્યું છે. ક્યાંય ખુલ્લી માટી જોવા મળતી નથી એટલે ઉનાળામાં આંખ આંજી નાખતા આ બ્લોક ગરમીનો પારો વધારી દે છે. બીજી બાજુ ગયા વર્ષે આ લખનારની નજર સામે શહેરની સોસાયટીઓમાં અને મધ્ય માર્ગો પર આડેધડ ઘટાદાર વૃક્ષો કપાયાં છે. સાવ જ ગેરકાયદેસર પણ કોઈ બોલનાર જ નહિ અને પૂછ્યું તો જવાબ મળ્યો પાંદડાં બહુ પડે છે ,કચરો થાય છે. વધુમાં વાંદરા આવે છે તે બહાનું ઉમેરાયું અને પરિણામ વૃક્ષોનો નાશ.

મે મહિનાના વેકેશનમાં ગુજરાતનાં તમામ ધાર્મિક સ્થળોના પ્રવાસમાં ગયેલાં સૌ એ નોંધ્યું હશે કે બધે જ બ્લોક નાખવામાં આવ્યા છે તે તાપને વધારી રહ્યા છે.

આટલા વિશાળ ચોકમાં બ્લોકની સાથે દર પાંચ ફૂટે એક વૃક્ષ વાવ્યું હોય તો આપણાં તમામ ધાર્મિક સ્થળો અને શૈક્ષણિક સંસ્થાઓ દક્ષિણ ભારતનાં નયનરમ્ય પ્રવાસ સ્થળો જેવી સુંદર લાગત ..પણ અ માટે આપણે વૃક્ષનાં પાંદડાં કચરો નથી એ માનવું પડશે. આંખ આંજી નાખતા બ્લોક એ શોભા નથી એ સ્વીકારવું પડશે.

પશ્ચિમના દેશોમાં સતત વરસાદને કારણે તેમણે રસ્તા અને જાહેર સ્થળોમાં બ્લોક નાખ્યા છે સાથે તેમણે વૃક્ષોને પણ સાચવ્યાં છે. ઈવન મુંબઈમાં રસ્તા બનાવવામાં પણ વૃક્ષો સાચવવામાં આવ્યાં છે તે મુંબઈ જાવ તો અનુભવાય. ગુજરાતમાં ખાસ તો ઉત્તર ભાગમાં શહેરોમાં વૃક્ષો સતત ઘટતાં જાય છે. સરકાર ઈચ્છે તો સોસાયટી ,સ્કૂલો, કોલેજો અને ધાર્મિક જગ્યાઓ પર સામુહિક વૃક્ષારોપણ કરી શકે છે. સાથે સાથે શહેરના રાજમાર્ગો પર બિલ્ડીંગમાં બહારની બાજુએ લગતા કાચ પર પ્રતિબંધ મૂકી શકે છે. કાચનો પરતાપો ગરમીને બે ગણી ચાર ગણી કરે છે. આપણે આપણાં કર્મોનું ફળ ભોગવીએ છીએ. દરેક ઘર ઓફિસમાં લાગેલું એસી ગરમ હવાને બહાર ફેંકે છે એટલે ધનિકોની ટાઢક ગરીબોની ગરમી વધારે છે. ગુજરાતમાં પડેલી અસહ્ય ગરમી એ ચેનલોના સમાચાર અને ઉચ્ચ મધ્યમ વર્ગની વોટ્સેપ ચર્ચાનો વિષય માત્ર નથી. એ ફૂટપાથ પર ધંધો કરનારા અને રોજી રળનારાં અનેક લોકોનો જીવન પ્રશ્ન છે. હવે તો દક્ષિણ ગુજરાતમાં પણ વૃક્ષો કપાઈ રહ્યાં છે. આ ચિંતાનો વિષય છે. ગ્લોબલ વોર્મિંગના બહાનાં પાછળ આપણાં પાપ સંતાડી શકાશે નહિ. વહેલામાં વહેલી તકે માનવસર્જિત ગરમીનો ઉકેલ શોધવો પડશે.

હમણાં એક શિક્ષણ સંસ્થામાં જવાનું થયું. ત્યાંના સંચાલક સભ્ય સંસ્થાનું કેમ્પસ બતાવી રહ્યા હતા. ઉપર લખ્યું તેમ આખી સંસ્થાના વિશાલ મેદાનમાં બ્લોક લાગેલા હતા અને નાના નાના છોડ વૃક્ષો માત્ર શોભા આપી રહ્યાં હતાં. અમે હજુ બોલવાના જ હતા કે આટલી વિશાળ જગ્યામાં વૃક્ષો વાવો તો આ શૈક્ષણિક કેમ્પસ કેવું હર્યુંભર્યું લાગે ત્યાં તો સંચાલક શ્રી ગૌરવ સાથે બોલ્યા "એક પણ છોડ કે ઝાડ એવું નહિ વાવવાનું કે ગાય બકરી ખાઈ શકે અને કોઈ વાહન પાર્કિંગ કરી શકે !..."જ્યાં માનસિકતા જ આ હોય ત્યાં શું કરવાનું ..ગ્રામમાતા કવિતા યાદ આવી ગઈ. દયાહીન થયો નૃપ ..રસહીન થઈ ધરા

આપણા દેશની આ કમનસીબી છે કે આપણે સમસ્યાઓ જાણીએ છીએ છતાં વર્તન તે સમસ્યા ઓછી થાય તેવું કરવાને બદલે સમસ્યા વિકરાળ થાય તેવું કરીએ છીએ. આ મે મહિનામાં જે ગરમી સહન કરી તેના વિષે જૂન આવતાં જ આપણે ઉપેક્ષા કરવા માંડીશું. આવતા મે માસમાં આવડી ગરમી ના પડે તે માટે આયોજન નહિ કરીએ. જેમ કે આવનારા વરસાદ માટે પણ કોઈ આયોજન નથી કર્યું. આ બ્લોકને કારણે પાણી જમીનમાં ઉતરવાનું નથી, પાણીનાં તળ ઊંચાં આવવાનાં નથી ,જમીન ઝડપથી ઠરવાની નથી અને શહેરોમાં ઠેર ઠેર પાણી ભરાવાના છે.

આપણી પુરાણ કથાઓમાં એક રાક્ષસ હતો. નામ હતું ભસ્માસુર ..યાદ છે. શું આપણે પણ આપણા વિનાશનું આયોજન નથી કરતા?.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

પાપ તારું પરકાશ જાડેજા...!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

પ્રયાગરાજમાં જ્યારથી મહાકુંભ મંડાયો છે ત્યારથી, મારી ભાર્યામાં સંસ્કારલક્ષી પવનનો વંટોળ ફૂંકાવા માંડ્યો છે બોસ..! (આ ઉંમરે જાનૂ-સ્વીટી-ડાર્લિંગ-હની-બેબી- પ્રાણેશ્વરી -હૃદયેશ્વરી-અર્ધાંગના-જાયા-પ્રિયા કે ગૃહલક્ષ્મી જેવા રેશમી શબ્દોના સંબોધન સારા નહિ લાગે. ચાહમાં પિત્ઝા બોળીને ખાતા હોય એવું લાગે..! એટલે, 'ભાર્યા'શબ્દનો પ્રયોગ કર્યો છે, ફાવશે ને..? (જો કે, વાઈફ મારી સંબોધન મારું તમને શું વાંધો હોવાનો..?) પણ...ભાર્યા એટલે ભરેલા રીંગણા જેવી. એની જાતને સવારે એટલા સુંવાળા શબ્દોથી ઉઠાડે કે, 'હે આર્યવ્રત..! સુરજના કુમળાં કિરણો ખિડકી વાટે ગૃહ પ્રવેશ કરી રહ્યા છે. આપણી સુજની ટાઈઢ સાથે Link કરેલી નથી, માટે સુજની ત્યાગ કરીને હવે શૈયા-ત્યાગ કરી ઊભા થઈ જાવ નાથ..! ગઈ કાલે અસ્વચ્છ થયેલાં પાત્રોને અજવાળીને અભરાઈ ઉપર ગોઠવવાનો આજે તમારો વારો છે. ત્યાર બાદ અસ્વચ્છ વસ્ત્રોની સાબુથી મલિનતા કાઢી, સ્વચ્છ બનાવી તડકે વિટામીન ડી આપી દો. પછી હળવેકથી ડીજીટલ ગરમ શેક આપી વસ્ત્રોને અલમારીનો પ્રવેશ કરાવો..!'એના કપાળમાં કાંદા ફોડું, સીધેસીધું કહેતી નથી કે, "કાલનાં ખાધેલાં વાસણો ઉટકી, અજવાળી નાંખો, ને મેલા કપડાં ધોઈને તડકે નાંખી સુકાય એટલે ઈસ્ત્રી કરીને કબાટમાં ગોઠવી દો..!"તમે જ કહો મારા જેવા બાઘાને નાગા બાવા બનવાનું મન થાય કે નહિ..?

આ તો ઠીક, મગજમાં સતી તોરલનો એવો ભારે વહેમ ભરાઈ ગયો કે, આખો દિવસ 'પાપ તારું પરકાશ જાડેજા ધરમ તારો સંભાળ રે'ગાઈને મગજમાં હથોડા મારે છે બોલ્લો..! જેસલ જાડેજા કરતાં પણ હું ખૂંખાર પાપી હોઉં, એમ મને સંભળાવે..! એક તો કંતાનના બારદાન જેવો અવાજ, એમાં આપણા મગજમાં ઘૂમરી ખાતી કંઈ કેટલી ઐશ્વર્યા રાય, મગજ ખાલી કરીને હાંસિયામાં ધકેલાઈ જાય..! આજની પેઢીને કદાચ આ ભજન યાદ હોય, પણ જેસલ જાડેજાની જીવન-ગ્રાફી યાદ ના હોય તો યાદ અપાવું. ..! જેસલ જાડેજા એટલે, કચ્છની ધરતીનો કાળો નાગ..! જેનું નામ પડતાંની સાથે જ વગર ટાઢે ટાઢિયો તાવ આવી જાય. ચમરબંધીનાં પણ ગળાં સુકાવા માંડે એવો જોરાવર..! ૧૪ મી સદીની આસપાસ જેસલનો જનમ, કચ્છના દેદા વંશના રાજપૂત રાવજી જાડેજાના પુત્ર ચાંદોજી જાડેજાને ત્યાં થયેલો. લૂંટફાટ અને કાળા કરમથી જેસલે એ પરગણામાં ધાક બેસાડી દીધેલી. પણ કહેવાય છે કે, કુંડળી ભલે ખરાબ હોય, પણ માનવીની મંડળી સારી હોવી જોઈએ. તો ચોકડી પણ સ્વસ્તિક બની જાય. સતી તોરલે એને પલમાં પીર બનાવી દીધો. તોરલ જેવી સતી આજે હોય તો, પોલીસોને ખૂંખાર માનવીના વરઘોડા કાઢવાની નોબત ના આવે. જેસલ જાડેજાના જમાનામાં કુંભ, અર્ધકુંભ, પૂર્ણકુંભ કે મહાકુંભના શાહી સ્નાન થતાં કે નહિ, એ તો જાણે મારો ભગો દાજી..! પણ ઈતિહાસવિદોનું કહેવું છે કે, સતી તોરલ જેવી દૈવી શક્તિના કહેવાથી જેસલે જ્યારે મન મૂકીને પાપ પ્રકાશ્યું, ને જગનો ચોરટો લૂંટફાટ છોડી અધ્યાત્મના રવાડે ચઢી ગયેલો. હવે તમને થશે જ કે, આજે જેસલ-તોરલની ગાથા ગાવાની મને કેમ ઉપડી છે..? સાચું કહું તો આ પણ પ્રયાગરાજના કુંભમેળાનો પ્રતાપ છે. ભલભલાની કુમતિ સુમતિમાં પરિવર્તન પામી, એમ મારી પણ મતિ ગતિ કરી ગઈ. એટલે કે, ફેરવાઈ ગઈ..! જેના કારણે લેખના શીર્ષકમાં મેં 'પ્રકાશ'ને બદલે 'પરકાશ'લખીને શબ્દદોષ વહોર્યો છે.

મને પણ ખબર છે કે, પરકાશ નહિ, 'પ્રકાશ'શબ્દ જ આવે. પણ લોકબોલીને જીવંત રાખવાની મારી આ ઉઘાડી ચેષ્ટા છે. લાડબોલી બોલીએ તો, સામજિક પ્રાણી તો ઠીક જંગલી પ્રાણી પણ પોતીકાં બની જાય, એવી મારી શ્રધ્ધા છે. જેમ શાહી સ્નાનનો મહિમા છે એમ, શાહી વાણી વર્તન વિચાર અને લોકબોલીનો પણ મહિમા મોટો છે. મારા મિત્ર ચમનને 'ચમનિયો'કહું તો જ મારા હૈયામાં હેતનો ઉભરો આવે. એમ 'પ્રકાશ'ને બદલે 'પરકાશ'બોલું કે ગાઉં તો જ ગળાને રેશમી ચાદર વીંટાળી હોય, એવી ટાઢક વળે..! જેથી Dowan થઇ રહેલું શેર બજાર પચાવી જાણો છે એમ, જાણીબુઝીને કરેલો મારો આ 'શબ્દદોષ'પણ વેઠી લેજો ભૈસા'બ ..!

'પરકાશ'લખીને શબ્દદોષ વહોર્યો છે. મને પણ ખબર છે કે, પરકાશ નહિ, 'પ્રકાશ'શબ્દ જ આવે. પણ લોકબોલીને જીવંત રાખવાની મારી આ ઉઘાડી ચેષ્ટા છે

૧૪૪ વર્ષ બાદ પ્રયાગરાજમાં મળી રહેલા મહાકુંભ મેળાનો શંખનાદ થઈ રહ્યો છે. જ્યાં 'મારી માટી મારો દેશ'ની વિભાવના હોય ત્યારે કયા હિન્દુને એના આનંદની હેડકી નહિ આવે..? અઘોરીઓ, નાગાબાવાઓનાં દર્શન કરીને ધન્ય થવાનો અવસર એટલે પ્રયાગરાજનો કુંભમેળો..! આપણે તો એટલી જ કાળજી રાખવાની કે, આવા કુંભમેળા થાય ત્યારે પરણેલાઓને બહુ છંછેડવા નહિ, જો કુંભમેળામાં ભરતી થઇ ગયા તો બાવાના બેઉ બગડે..! ભીખમંગુ બાવા બની જાય તો પણ પેઢીની પથારી ફેરવી નાંખે..! આમ જુઓ તો પરણેલાઓ માટે તો સાસરું પણ કુંભમેળાથી ઓછું નહિ. શાહી સ્નાન તો ત્યાં પણ મળી રહે..! જેનાં હાડકે પીઠી લાગી નથી એના માટે પ્રશ્ન ખરો..! પણ 'દીવ-દમણ અને આબુ અને ચોથું ઘરનું ધાબું, એ જ એમના મેળા હોય, એ ક્યાં નથી અમે જાણતા? કદાચ પાપ ધોવાવાને બદલે નવા ભરાય, પણ બંદા રંગાખુશ તો છે ને..? ચમનિયાની વાત કરું તો એ એવો પાક્કો ગુજરાતી કે, કુંભમેળામાં જઈને, ગંગા નદીના તટ ઉપર પિછોડી પાથરીને અલખ નિરંજન બોલી બેસી ગયો. મને કહે, "રમેશિયા કરોડો ટોળામાથી કોઈ એક-એક રૂપિયો પીછોડીમાં નાંખશે તો પણ આપણે કરોડપતિ થઈ જવાના.! કેવો ભેજાબાજ..? એના કપાળમાં કાંદા ફોડું..! આવાને મોંઘવારી નડે..?

લાસ્ટ બોલ

નહાવા માટેના બે જ સ્થળ વિખ્યાત, એક કુંભમેળો, બીજું શેર બજાર..! કુંભમેળામાં ડૂબકી લગાવો તો પાપ અને કુકર્મોની સાફ સફાઈ થાય અને શેરબજારમાં ડૂબકી લગાઓ એટલે તિજોરી અને બેંક એકાઉન્ટની સાફ સફાઈ થાય..!

એના કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

જ્ઞાન, વૈરાગ્ય અને અધ્યાત્મવાદનું મૂર્તિમાન રૂપ શુકદેવજી

'ગુજરાતમિત્ર' સત્સંગ પૂર્તિના અધ્યાત્મ દર્શન લેખમાં વિદેહ અમરત્વ વ્યાસ પુત્ર શુકદેવજી અનુપભાઇ શાહની કલમે ઘણા સમયથી વાંચીએ છીએ. આ અનુપભાઇનો અધ્યાત્મ વિદ્યાના ગહન જ્ઞાનનો પુરાવો છે. એક ગુફામાં શંકર ભગવાન પાર્વતીજીને અમર કથા કહી રહ્યા હતા ત્યાં બીજું કોઇ નહોતું. પાર્વતીજી હોકારો કરી રહ્યા હતા તેવામાં પાર્વતીજીને ઊંઘ આવી ગઇ અને ત્યાં શુક ગુફામાંથી હુંકારો કરી રહ્યો હતો. જ્યારે શિવજીને આ વાતની ખબર પડી ત્યારે ખૂબ ગુસ્સે થયા અને શુકને મારવા તેની પાછળ ત્રિશૂળ લઇને દોડયા. શુક વ્યાસજીના આશ્રમ આવી તેની પત્ની વાટિકાના મુખ માર્ગે ગર્ભ સ્વરૂપે સ્થિર થઇ ગયા. 12 વર્ષ સુધી તે ગર્ભસ્થ અવસ્થામાં જ રહ્યા. તે દરમિયાન તેમણે વેદ, ઉપનિષદ, પુરાણ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. તેઓ ગર્ભમાં પણ બોલતા હતા. વ્યાસજીએ તેમનું નામ શુક પાડયું અને તેઓ વ્યાસપુત્ર કહેવાયા. તેઓ ગર્ભમાંથી બહાર નહોતા આવતા કારણ કે તેમને ડર હતો કે મને સંસારની મોહમાયા ઘેરી લેશે. તેના પ્રભાવથી બચવા માંગતા હતા. ભગવાન શ્રીકૃષ્ણે તેમને આશ્વાસન આપ્યું કે તેમને સંસારની મોહમાયાની અસર થશે નહિ અને તેઓ ગર્ભમાંથી બહાર આવી 12 વર્ષની ઉંમરે જ ઘર છોડી નીકળી ગયા. વ્યાસજ તેમને પુત્ર, પુત્ર કરતા તેમની પાછળ ગયા પરંતુ તેઓ રોકાયા નહિ. પછી તો તેમણે રાજા પરીક્ષિતને ભાગવત કથા કહી તેમને મોક્ષ પ્રદાન કર્યો. આજે પણ ભાગવત કથાનું એટલું જ મહત્ત્વ છે. અનુપભાઇ શાહને ગહન અધ્યાત્મ જ્ઞાન માટે ઘણા અભિનંદન અને 'ગુજરાતમિત્ર' આવું અધ્યાત્મ જ્ઞાન વાચકને પીરસતા જ રહે તેવી અપેક્ષા.

સુરત - પ્રભા પરમાર

"અલે બધે કા મારે"

એક સમય એવો હતો કે ખેતરમાં કામ કરવા માટે ખેડૂતોને પૂરતા પ્રમાણમાં મજૂરો મળી રહેતાં હતાં અને ખેતીકામ સરળતા-ઝડપભેર થતું હતું-પરંતુ કોરોનાકાળ પછી કામ-ધંધા-વેપાર મંદ પડ્યો, આથી કેન્દ્ર સરકારે ગરીબ-સ્લમ વિસ્તારના રેશન કાર્ડધારકોને મફત અનાજ આપવાનું શરૂ કર્યું. જે યોજના આજે પણ ચાલે છે, એટલે ખેતીકામ માટે મજૂરો મળતાં નથી કેમકે સરકારે મફત અનાજ આપવાનું શરૂ કરતાં મજૂરો આળસુ બની ગયાં છે. કોઈ કામે આવવા તૈયાર નથી. ઘણાં મજૂરો તો સરકારે આપેલું મફત અનાજ વેચીને દારૂ પીએ છે. એવું જોયું છે. આ લખનારને ત્યાં ખેતરે શેરડી રોપવાનું કામ શરૂ થયું તે બે-ચાર દિવસ ચાલ્યું. છેલ્લા-દિવસે કામ ઓછું હતું અને મજૂરો 10 બદલે 15 આવી પડ્યાં. આથી ખેડૂતે ગામિત બોલીમાં બોલી દીધું ''અલે બધે કામારે'' (એટલે-ગુજરાતી ભાષામાં કહેવાય આટલા બધા મજૂરો? આમ કામ ઓછું હતું અને મજૂરો વધારે હતાં. આથી આજે છેલ્લા-દિવસ છે, બધું કામ પતાવી દેજો. મજૂરો ગામિત જાતિનાં હતાં એટલે સમજાવ્યું ''ઓલ્હો-બધો પુરો કઅયા'' આમ મજૂરો ભલે આદિવાસી હોય પરંતુ ખેડૂત રોજ સાથે રહે એટલે ગામિત બોલી પણ સમજી શકે છે.

તરસાડા- પ્રવીણસિંહ મહિડા

ભાષાને શું વળગે ભૂર,જે રણ જીતે તે શૂર

આપણા દેશમાં ભાષા જેટલા રાજ્ય એટલા વેશ છે અને રાજ્યમાં પણ બાર ગાવ બોલી બદલાય છે,ત્યારે ભાષાવાદના નામે રાજકીય રોટલા શેકીને સત્તાની સીડી બનાવનારાના દિવસો પુરા થઈ ગયા છે. હવે જમાનો ગ્લોબલાઈઝેશનનો છે,છતાં હજુ ભાષાવાદનું ભૂત હજુ ક્યારેક ધૂણે છે,કોઈક ભાષા વિશે બોલે એટલે સોશ્યલ મિડિયામાં લોકો કૂદી પડે અને કાગારોળ ચાલુ થઈ જાય છે, કોઈ પણ બોલે એ